## વાંસદાના સીતાપુર ગામમાં દીપડો પાંજરે પુરાયો



નિલેશ કાપડિયા

■ વાંસદા : વાંસદા પૂર્વ રેંજની વાંસદા રાઉન્ડની ઝુજ બીટમાં આવેલા સીતાપુર ગામમાં રાજુભાઇ ગાંવિત, હેમાબેન રાજુભાઇ ગાંવિત તા. ૩૧ માર્ચના રોજ સવારે શેરડીના ખેતરમાં કામ કરી રહ્યા હતા, તે સમયે દીપડાએ અચાનક હુમલો કર્યો હતો. આ બાબતને લઇ રેંજ કચેરીએ જાણ કરાતાં રાઉન્ડ ફોરેસ્ટર પાસે સ્થળ તપાસ કરી સ્થળ પર પાંજરૂ ગોઠવવામાં આવ્યું હતું. ત્યારબાદ તા. ૦૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ સવારે ૬.૩૦ કલાકે ચાર વર્ષનો દીપડો પાંજરે પુરાઇ ગયો હતો. જેને વન ચેતના કેન્દ્ર ખાતે રાખી દીપડાના સ્વાસ્થ્યની ચકાસણી વેટેનરી ઓફિસર પાસે કરાવી હતી. આ બાબતે લોકેશ ભારદ્વાજ નાયબ વન સંરક્ષક વલસાડ ઉત્તરના અને જે.એલ પટેલ મદદનીશ વન સંરક્ષક વાંસદાના માર્ગદર્શન હેઠળ કે.જી.ચૌધરી, રેંજ ફોરેસ્ટ ઓફિસર વાંસદા પૂર્વએ આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

### લીકેજ થયેલી પાઈપ લાઇનમાંથી પાણી મેળવવાનો પ્રયાસ


# વાસ્મોની લાઈન છે, પાણી નથી

**આસલોણા** ખાતે અસ્ટોલ યોજના કાર્યરત છે તો પાણી ફિલ્ટર વગરના પાણીની સમસ્યા યથાવત

**દાડવળ** ફળિયામાં રહેતા આશરે 600 લોકો ભર ઉનાળે પાણી માટે રખડી રહ્યા છે

વલસાડ : કપરાડા તાલુકામાં પાણીની સમસ્યા નિવારવા અસ્ટોલ યોજના, વાસ્મો, પાણી પુરવઠા, ચેકડેમો બનાવવા પાછળ લાખો કરોડોનો ખર્ચ બાદ પણ લોકો હાલે ઉનાળામાં કાળઝાળ ગરમી વચ્ચે પાણી માટે ટળવળે છે. કંઈક એવી જ પરિસ્થિતિ અંતરિયાળ આસલોણા ગામમાં જોવા મળી રહી છે. જ્યાં વાસ્મોની લાઈન છે જોકે પાણી નથી, અસ્ટોલ યોજના કાર્યરત છે તો પાણી ફિલ્ટર વગરનું હોય પાણીની સમસ્યા યથાવત છે.

સૂત્રોના જણાવ્યા મુજબ આસલોણા ગામના દાડવળ ફળિયામાં રહેતા આશરે 600 લોકો ભર ઉનાળે પાણી માટે રખડી રહ્યા છે. અહીં અસ્ટોલ યોજના અંતર્ગત પાણીની સમસ્યા દૂર કરવા યોજનાની પાઈપ લાઈનમાંથી નજીકના કૂવામાં પાણી નાખી પાણી સમસ્યા દૂર કરવાનો પ્રયાસ કરાયો છે, જોકે પ્રયાસમાં પાણીને ફિલ્ટર કરવાનું ચૂકી જવાને લઈ સ્થાનિકોમાં નારાજગી સાથે આક્રોશ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ પાણી મેળવવા અસ્ટોલ યોજનાની લીકેજ થયેલી પાઈપ લાઈનમાંથી પાણી મેળવવાનો પ્રયાસ કરી પાણી સમસ્યાને થોડા અંશે દૂર કરે છે.



# હાઈવેના ત્રીજા ટ્રેક પર બેદરકારીપૂર્વક પાર્ક કરેલું કન્ટેનર કાળ બની ગયું!

**પારડી** હાઈવે પર ઉભેલા કન્ટેનર પાછળ બાઈક અથડાતા યુવાનનું મોત: યુવતી ઘાયલ, બાળકનો ચમત્કારિક બચાવ

પારડી : વલસાડ જિલ્લાના પારડી હાઈવે પર વિશ્રામ હોટલ સામે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સુરતથી વાપી તરફ જતાં નેશનલ હાઈવે નંબર 48 પર, ત્રીજા ટ્રેક પર કોઈ પણ પ્રકારના બેરિકેડ કે પાર્કિંગ લાઈટ વગર ઉભેલા કન્ટેનર પાછળ બાઈક ધડાકાભેર અથડાતા 19 વર્ષીય યુવાનનું કરુણ મોત નીપજ્યું હતું.

મળતી વિગત મુજબ, સુરતમાં રહેતા અને મૂળ અમરેલીના પ્રદીપ મુકેશભાઈ ચૌહાણ (ઉં.19) પોતાની બાઈક પર કાજલબેન બેરડીયા અને પાંચ વર્ષના બાળક દેવાંશ સાથે દમણ જઈ રહ્યા હતા.

આ દરમિયાન હાઈવે પર ઉભેલા કન્ટેનર (GJ 15 AV 6809) પાછળ તેમની બાઈક અથડાઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે પ્રદીપભાઈને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. 108 એમ્બ્યુલન્સ મારફતે તમામને વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન પ્રદીપભાઈનું મૃત્યુ થયું હતું.

આ દુર્ઘટનામાં બાઈક પાછળ બેસેલા કાજલબેનને ઈજાઓ પહોંચતા તેઓ હાલ સારવાર હેઠળ છે, જ્યારે પાંચ વર્ષના માસૂમ બાળક દેવાંશનો ચમત્કારિક રીતે બચાવ થયો છે. ઘટનાના પગલે લક્ષ્મણભાઈ બેરડીયાએ પારડી પોલીસ મથકે કન્ટેનર ચાલક મોહમ્મદ બૈતુલ્લા હાઈ (રહે. ઉત્તર પ્રદેશ) વિરુદ્ધ બેદરકારીનો ગુનો નોંધાવ્યો છે. હાઈવે પર જોખમી રીતે વાહન પાર્ક કરી અન્યના જીવ જોખમમાં મૂકનાર ચાલક સામે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## વલસાડના તિથલ રોડ પર આખલાઓનું યુદ્ધ



■ વલસાડના વ્યસ્ત ગણાતા તિથલ રોડ પર અચાનક બે આખલાઓ વચ્ચે હિંસક લડાઈ ફાટી નીકળી હતી. આખલાઓ એકબીજા સાથે એવા ભીડાયા હતા કે રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ભયના માર્યા લોકો પોતાના વાહનો મૂકીને સલામત સ્થળે દોડી ગયા હતા. આ લડાઈ દરમિયાન માર્ગ પર પાર્ક કરેલા બે થી ત્રણ મોપેડ આખલાઓની ઝપેટમાં આવી ગયા હતા, જેના કારણે વાહનોને નોંધપાત્ર નુકસાન થયું હતું. રસ્તાની વચ્ચે ચાલેલા આ યુદ્ધને કારણે થોડા સમય માટે વાહનવ્યવહાર પણ ખોરવાયો હતો. અંતે સ્થાનિકોના પ્રયાસો બાદ આખલાઓ દૂર થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ઘટનાએ ફરી એકવાર શહેરમાં રખડતા ઢોરના ત્રાસનો પ્રશ્ન ગંભીર બનાવ્યો છે.



# નવસારીમાં શિક્ષકોની બદલી સામે મહાસંઘ મેદાને

**શિક્ષકો** સામે કોઈ ફરિયાદ કે શિસ્તભંગ નહીં ઉપરાંત નોટિસ વિના જ તેમને ખસેડાતા કલેક્ટરને આવેદનપત્ર

નવસારીઃ નવસારી જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે વિવાદ ઉછળ્યો છે, જ્યાં સોનવાડી પ્રાથમિક શાળાના બે શિક્ષકોની કરવામાં આવેલી બદલીને લઈને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે તંત્ર સામે કડક વિરોધ નોંધાવ્યો છે. મહાસંઘે આ બદલીને નિયમવિરુદ્ધ ગણાવી જિલ્લા કલેક્ટર સમક્ષ આવેદનપત્ર પાઠવી તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે.

માહિતી મુજબ, સોનવાડી શાળામાં ફરજ બજાવતા યોગેશભાઈ પટેલ અને સારિકાબેન ઢિમ્મરની બદલી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા કરવામાં આવી છે. જોકે, મહાસંઘના દાવા મુજબ બંને શિક્ષકો શાળામાં વધમાં નથી અને તેમની સામે કોઈપણ પ્રકારની ફરિયાદ કે શિસ્તભંગની કાર્યવાહી પણ નથી. તેમ છતાં, કોઈ નોટિસ કે સ્પષ્ટીકરણ વિના જ તેમને દૂરના સ્થળે ખસેડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે પ્રક્રિયાની પારદર્શિતાને લઈને સવાલો ઊભા કરે છે.

મહાસંઘે વધુમાં આક્ષેપ કર્યો છે કે આ નિર્ણય વિદ્યાર્થીઓના હિતને અવગણીને લેવાયો છે. સારિકાબેનને ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળામાં મુકાતા શિક્ષણની ગુણવત્તા પર અસર થવાની શક્યતા છે, જ્યારે યોગેશભાઈની બદલીથી સોનવાડી શાળાના ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓના ભાષા અભ્યાસ પર સીધી અસર પડશે. આ મુદ્દે મહાસંઘે સ્પષ્ટ કર્યું છે કે, નિયમો અને ન્યાયના સિદ્ધાંતોને અવગણીને લેવામાં આવેલા આવા નિર્ણયો શિક્ષણ વ્યવસ્થાને નુકસાન પહોંચાડે છે. તેથી, સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરીને શિક્ષકોને ન્યાય મળે તે માટે કલેક્ટરને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

આ ઘટનાએ શિક્ષણતંત્રની કાર્યશૈલી પર પ્રશ્નચિહ્ન ઊભું કર્યું છે અને હવે જોવાનું રહ્યું કે તંત્ર આ મુદ્દે શું પગલાં લે છે.



ઉમેશ સોલંકી

# બીલીયામાં કંપની માટે જમીનું કામ ચાલતા લોકોનો વિરોધ

ઉમરગામ : ઉમરગામ તાલુકાના બીલીયામાં ગ્રામસભાની મંજૂરી વગર કંપની બનાવવા માટે જમીન લેવલિંગનું કામ ચાલી રહ્યુ હોય બંધ કરાવવા ગ્રામજનોએ ટીડીઓને રજૂઆત કરી છે. ઉમરગામ તાલુકાના કનાડુ બીલીયામાં રામ મંદિર શિલિંગપાડા અને હળપતિવાસ બીલીયામાં ગ્રામસભાની મંજૂરી વગર ગેરકાયદે રીતે જમીન લેવલિંગ તથા વોલ કમ્પાઉન્ડનું કામકાજ ચાલી રહ્યું છે. જે તાત્કાલિક બંધ કરાવવા ગ્રામજનોએ માંગણી કરી તાલુકા વિકાસ અધિકારી ઉમરગામને એક આવેદનપત્ર સુપ્રત કર્યું છે. ગ્રામજનોનું માનવું છે કે ગામડાઓમાં કંપની આવવાથી બહારનું દૂષણ અને ખેતી માટે મોટો પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

# વાપીમાં મૈત્રી કરાર કરવા પહોંચેલી પરિણીતાનું ફિલ્મી ઢબે અપહરણ

**વકીલની** ઓફિસ બહાર ઉભેલા યુવક-યુવતીને કાકા સહિત 3 શખ્સો કારમાં ઉઠાવી ગયા

વાપી : વાપીમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં વકીલ પાસે મૈત્રી કરાર કરવા પહોંચેલા યુવક અને પરિણીતા પર હુમલો કરી, પરણિતાના કાકા અને અન્ય ત્રણ અજાણ્યા શખ્સો તેનું અપહરણ કરી ગયા હતા. આ મામલે વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વાપીના ચલા વિસ્તારમાં શિવાલીક હાઈટ્સમાં રહેતા અને લેબર કોન્ટ્રાક્ટર તરીકે કાર્યરત જય સુરેન્દ્ર પંડ્યા (ઉં.23) અગાઉ દમણના કલરીયા ખાતે રહેતા હતા. વર્ષ 2023માં તેમને પાડોશમાં રહેતી એક યુવતી સાથે મિત્રતા થઈ હતી. જોકે, વર્ષ 2025માં આ યુવતીના લગ્ન વાપી નજીકના એક ગામમાં થયા હતા. લગ્ન બાદ યુવતીએ જયને ફોન પર જાણ કરી હતી કે તેનો પતિ તેને શારીરિક અને માનસિક ત્રાસ આપી રહ્યો છે. પતિના ત્રાસથી કંટાળી યુવતી તેના પિયર કુંતા ખાતે આવી ગઈ હતી.

પતિ સાથેના વિખવાદ બાદ, જય અને પરિણીતાએ પરસ્પર સંમતિથી સાથે રહેવા માટે વાપી જૈન દેરાસર પાસે એક વકીલની ઓફિસે મૈત્રી કરાર કરવાનું નક્કી કર્યું હતું. તેઓ વકીલ પાસે પહોંચે તે પહેલાં જ માર્ગની બાજુમાં ઉભા હતા, ત્યારે અચાનક એક ફોર વ્હીલર કાર ત્યાં આવી પહોંચી હતી.

કારમાંથી ઉતરેલા પરણિતાના કાકા અને અન્ય શખ્સોએ યુવતીને બળજબરીથી ખેંચીને કારમાં બેસાડી દીધી હતી અને તેનું અપહરણ કરીને નાસી છૂટ્યા હતા. આ સમગ્ર મામલે જય પંડ્યાએ વાપી ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગોધાબારીમાં કરંટ લાગતા મહિલાનું મોત

વાંસદા : વાંસદા તાલુકાના ગોધાબારી ગામે 30 વર્ષીય મહિલા ઘરનું પાણી ભરવા માટે મોટર ચાલુ કરતી હતી તે વખતે તેને કરંટ લાગતા મોત નિપજ્યું હતું. વાંસદા તાલુકાના ગોધાપારી ગામે ગામીત ફળિયામાં રહેતી શીતલબેન તરુણભાઈ ગામીત ઘરનું પાણી ભરવા માટે પાણીની મોટર ચાલુ કરવા ગયા હતા, તે દરમિયાન તેમને કરંટ લાગ્યો હતો. જેથી 108 એમ્બ્યુલન્સમાં તેમને સારવાર માટે વાંસદાની હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે શીતલબેન ગામીતને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મરનારના પતિ તરુણ શંકરભાઈ ગામીતે વાંસદા પોલીસ પથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી હતી.

# પૂર્ણામાં કૂદેલા યુવક માટે ફાયર-માછીમારો બન્યા દેવદૂત

**નદીમાં** છલાંગ લગાવ્યા બાદ માછીમારોની જાળ જીવનરક્ષક બનતા જોખમ ટળ્યું

નવસારી : આમડપોર ગામના ૨૪ વર્ષીય વિપુલ દશરથભાઈ રાઠોડે પુલ પરથી નદીમાં ઝંપલાવ્યું હતું. આ જોઈને સ્થાનિકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી અને ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલાં જ માછીમારોએ દિલેરી બતાવી નદીમાં ઝંપલાવ્યું હતું. પાણીમાં ડૂબકાં ખાતો વિપુલ જીવન મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો હતો, ત્યારે જ તેના હાથમાં માછીમારોની જાળ આવી ગઈ હતી, જેને પકડી રાખતા બચી ગયો હતો. ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી કુશળતાપૂર્વક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી યુવકને હેમખેમ બહાર કાઢ્યો હતો. કિનારા પર લાવ્યા બાદ ફાયર ફાઈટરોએ સતર્કતા દાખવી યુવકને તાત્કાલિક CPR (સીપીઆર) અને હાર્ટ પમ્પિંગ આપ્યું હતું, જેના કારણે તેના ફેફસામાં ભરાયેલું પાણી બહાર નીકળી ગયું હતું. ત્યારબાદ તેને વધુ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. માછીમારો અને ફાયર બ્રિગેડની સમયસૂચકતાને કારણે આજે એક યુવાનનો જીવ બચી શક્યો છે.

# કબીલપોરના યુવકનો નવાગામની સીમમાં ફાંસો ખાઈ આપઘાત

નવસારીઃ નવસારી જિલ્લામાં દુ:ખદ બનાવ સામે આવ્યો છે, જેમાં કબિલપોરના 29 વર્ષીય વિરલકુમાર રાજુભાઈ ટંડેલે અગમ્ય કારણોસર નવાગામ (ચન્દ્રવાસણ સુપા) ની સીમમાં આંબાના ઝાડ સાથે રસ્સી બાંધી ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. મૃતકના ભાઈએ ઘટનાની જાણ વિજલપોર પોલીસને કરતા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

હાલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે, જોકે આત્મહત્યાના કારણો હજુ સ્પષ્ટ થયા નથી. આ ઘટનાથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે અને વિસ્તારભરમાં પણ દુ:ખની લાગણી પ્રસરી છે.



કેરસી બારીયા

# ગણદેવીની પંચાયતોમાં મુકાયેલા વિકાસ બોર્ડ જર્જરિત

**તંત્ર** ઘોર નિંદ્રામાં, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વેળા વિકાસ કામોની માહિતી ઉપલબ્ધ નથી

બીલીમોરા : મહાત્મા ગાંધીની ૧૫૦'મી જન્મજયંતિ નિમિત્તે રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ ગણદેવી તાલુકાની તમામ ગ્રામ પંચાયતોમાં ગામમાં થયેલા વિકાસ કાર્યોની માહિતી જનતા સુધી પહોંચે તે માટે વિશાળ ડિસ્પ્લે બોર્ડ મુકવામાં આવ્યા હતા. પરંતુ આ બોર્ડ શોભાના ગાંઠિયા બની રહ્યા છે.

શરૂઆતમાં બોર્ડ ઉપર ગામના વિકાસ કાર્યોની માહિતી દર્શાવી હતી, પરંતુ તેમાં અપડેટ કરવામાં ન આવતાં બોર્ડ જૂની માહિતી જ દર્શાવે છે. જર્જરિત અવસ્થાને કારણે જે વાંચી શકાય એમ નથી. દર વર્ષે થતા વિકાસ કાર્યોની વિગતો ઉમેરવાની જવાબદારી હોવા છતાં ગ્રામ પંચાયત સંચાલકો, તલાટીઓ અપડેટ કરતા નથી. જેના કારણે ચૂંટણી ટાણે લોકોમાં ચર્ચા ઉઠી છે કે લાખો રૂપિયાના ખર્ચે ઉભા કરાયેલા બોર્ડનો ઉપયોગ થતો નથી. મોટા ભાગના બોર્ડને કાટ લાગી ચુક્યો છે. છતાં જાળવણી તરફ ધ્યાન આપવામાં આવતું નથી. પરિણામે સરકારના આ મહત્વાકાંક્ષી પ્રયાસની અસર ઘટતી જાય છે. ગણદેવી તાલુકાની ગ્રામ પંચાયતોમાં ડિસ્પ્લે બોર્ડ લગાવાયા હતા. સંબંધિત તંત્ર દ્વારા આ બોર્ડની નિયમિત તપાસ કરીને વિકાસ કાર્યોની માહિતી સમયસર અપડેટ કરવામાં આવે જેથી સરકારનો પારદર્શિતાનો હેતુ સાકાર થઈ શકે એમ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપી રેલવે સ્ટેશને ચાલુ ટ્રેને ઉતરી રહેલા યાત્રીની જીંદગી આરપીએફ ટીમે બચાવી



વાપી : વાપી રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નં.1 ઉપર ગઈકાલે રાત્રિના સમયે ટ્રેન આવી પહોંચી હતી. આ ટ્રેન ચાલુ હતી તે સમયે જ કેટલાક યાત્રીઓ નીચે ઉતરી રહ્યા હતા જે પૈકી એક યાત્રી નીચે પટકાયો હતો અને ટ્રેન નીચે આવે તે પહેલા જ ત્યાં હાજર આરપીએફની ટીમે સતર્કતા દાખવી નીચે પડી ગયેલા યાત્રીને ખેંચી લેતા તેનો જીવ બચી ગયો હતો. મુસાફર રાજસ્થાનનો લક્ષ્મણલાલ હોવાનું જાણવા મળ્યું હતું. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. અત્રે નોંધનીય છે કે, મોટે ભાગના યાત્રીઓની આદત ચાલુ ટ્રેને ચઢવાની અથવા ઉતરવાની હોય છે જે ક્યારેક જીવલેણ સાબિત થઈ શકે છે.

### વલસાડની ચિત્રશિક્ષિકા ચિત્ર સંનિષ્ઠ ચિત્રશિક્ષક એવોર્ડથી સન્માનિત



વલસાડ : વલસાડ જિલ્લા ચિત્રશિક્ષક સંઘના વાઘછીપામાં યોજાયેલા 50મા સુવર્ણજયંતિ અધિવેશન પ્રસંગે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, વલસાડ શાળાની ચિત્રશિક્ષિકા મિતાલી પટેલને ચિત્ર શિક્ષણ ક્ષેત્રે તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ સંનિષ્ઠ ચિત્રશિક્ષક એવોર્ડ-2026 અને પ્રાથમિક વિભાગના ચિત્રશિક્ષક ઈશાન પટેલને સર્જનાત્મકતા અને નિષ્ઠા બદલ સંનિષ્ઠ ચિત્રશિક્ષક એવોર્ડ-2026 શિક્ષણાધિકારી ડો. રાજેશ્રી એલ. ટંડેલના હસ્તે એવોર્ડ એનાયત કરાયો હતો. ઉપરાંત વલસાડ જિલ્લામાં સૌથી વધુ વિદ્યાર્થીઓએ રંગપૂર્ણિ સ્પર્ધામાં ભાગ લીધો હોય છગનભાઈ પટેલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. ધોરણ 11 સાયન્સની વિદ્યાર્થિની ફ્લેષા વિપુલ પટેલને બાળ કલાકાર તથા સનિષ્ટ બાળ કલાકાર તરીકે વિશેષ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જિલ્લા કક્ષાની રંગપૂરણી સ્પર્ધામાં મહત્તમ વિદ્યાર્થીઓ વિજેતા થયા હતાં.

### પારડી હોસ્પિટલ દ્વારા મેગા મેડીકલ કેમ્પ યોજાયો



અમૃત પટેલ

પારડી : માનવ આરોગ્ય સેવા કેન્દ્રના 20માં મેગા મેડિકલ-સર્જીકલ કેમ્પમાં કપરાડા-ધરમપુરના 140 ગામોના 700થી વધુ દર્દીઓએ ભાગ લીધો હતો. 130 દર્દીઓના મફત ઓપરેશન કરાયા હતાં. આ કેમ્પમાં જિલ્લાના 25 તબીબોએ નિ:શુલ્ક સેવા આપી હતી. મેગા મેડીકલ-ઓપરેશન કેમ્પમાં સેવા આપનાર ડોક્ટરો, સર્જનો અને સ્ટાફને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ડો.એમ.એમ.કુરેશીએ જણાવ્યું હતું કે ધરમપુર અને કપરાડાના કેમ્પમાં 130 દર્દીઓના ઓપરેશન પારડી હોસ્પિટલમાં વિનામૂલ્યે કરવામાં આવ્યા હતાં. આ કેમ્પમાં ડો એમ. એમ. કુરેશી, ડો.ડીબા ખાન, ડો.ઋતુરાજ પટેલ, ડો. કનૈયાલાલ પટેલ, ડો.નિકુંજ પટેલ, ડો. વિનય પટેલ, ડો. દીપક કાકડે, ડો. નિપુલ ગાંધી, ડો. મિતેશ મોદી, ડો.માઝ કુરેશી સહિતના નિષ્ણાત ડોક્ટરોએ સતત સેવા આપી હતી. કેમ્પમાં ડો. ભાવેશ ઠક્કર, ડો. અતુલ પાટિલ, ડો.મયુરી પટેલ વગેરે તબીબો દ્વારા સેવાઓ આપી હતી. આ કેમ્પમાં ડો. કુરેશીએ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ, સફાઈ કર્મચારીઓ તેમજ એડમિન ટીમનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ચેરમેન દિનેશભાઈ સાકરીયા દ્વારા સન્માન કરાયું હતું. આ પ્રસંગે દિનેશભાઇ શાહ, તબીબો, સ્ટાફ ટીમ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમના પ્રતિભાવમાં ડો. સંદીપ દેસાઈએ જણાવ્યું હતું કે તેઓ છેલ્લા 20 વર્ષથી આ કેમ્પ સાથે જોડાયેલા છે.

### વાપી GIDCમાં ટેમ્પાની ટક્કરે મોપેડ સવાર માતા-પુત્રને અડફેટે લેતા પુત્રનું મોત

વાપી : વાપી GIDCના થર્ડ ફેઝમાં પૂરઝડપે આવી રહેલા એક ટેમ્પાએ મોપેડને જોરદાર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં મોપેડ પર સવાર માતા-પુત્ર માર્ગ પર પટકાયા હતા, જેમાં 17 વર્ષીય કિશોરનું ગંભીર ઈજાઓને કારણે મોત નિપજ્યું છે. મળતી વિગત મુજબ, નાનાપોંઢાના રાતા ગામના રહેવાસી હરીશભાઈ પટેલના પત્ની અને પુત્ર પિયુષ (ઉં. 17) ડુંગરી ફળિયા ખાતે પિયરમાં ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે તિરૂપતિ પેકેજિંગ પાસે ટેમ્પા ચાલકે તેમની મોપેડને અડફેટે લીધી હતી. અકસ્માતમાં પિયુષને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેને વાપીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે પિતા હરીશભાઈએ ટેમ્પો ચાલક મોહમ્મદ ઈમરાન શેખ વિરુદ્ધ વાપી ટ્રાફિક પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી પટેલ પરિવારમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ છે.

### નવસારીમાં જૂની અદાવતમાં ચાર શખ્સોનો માતા-પુત્ર પર જીવલેણ પ્રહાર

નવસારી : નવસારી શહેરના ટેક્નિકલ સ્કૂલ નજીક આવેલા નવકાર દર્શન એપાર્ટમેન્ટમાં શાંતિ ભંગ કરતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. જૂના ઝઘડાનું મનદુ:ખ રાખીને ચાર શખ્સોએ એક યુવક અને તેની માતા પર લોખંડના પાઇપ વડે નિર્દય હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં દહેશત ફેલાઈ ગઈ છે. મળતી માહિતી મુજબ, એપાર્ટમેન્ટમાં રહેતા 28 વર્ષીય અલ્ફાજભાઇ મીઠાણી પર ગતરાત્રે એ જ બિલ્ડિંગમાં રહેતા ઝુનેદ, સમીર, એઝાઝ અને મૈયુદ્દીન દ્વારા અચાનક હુમલો કરવામાં આવ્યો હતો. હુમલા દરમિયાન સમીરે લોખંડના પાઇપ વડે અલ્ફાજભાઇના માથા અને હાથ પર પ્રહાર કર્યા હતો, જેના કારણે તેઓ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. પુત્રને બચાવવા વચ્ચે પડેલી માતા પર પણ એઝાઝે પાઇપ વડે હુમલો કરતાં તેમના હાથ અને ખભા પર ગંભીર ઇજાઓ પહોંચી, જેમાં ફ્રેક્ચર જેવી સ્થિતિ સર્જાઈ છે. હુમલાખોરોએ હુમલા બાદ જાનથી મારી નાખવાની ખુલ્લી ધમકીઓ આપતા એપાર્ટમેન્ટમાં રહેતા અન્ય લોકોમાં પણ ભયનો માહોલ ઉભો થયો છે. ઘટનાની જાણ થતાં નવસારી ટાઉન પોલીસ પહોંચી અને ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હાલ PSI એમ.ડી. ગમાર દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ રહી છે.